શિશુનગરીમાં માનવ મહેરામણ

હાથી, ઘોડા, ઊંટ સવારી અને ઓપન સ્ટેજ અભિવ્યક્તિથી બાળકોમાં ખુશીની લહેર પ્રગટી

ગાંધીનગર, તા. ૧૭

મુક્ત મને ગગનમાં વિહરતા પંખીઓની જેમ ચહેકાટ કરતા બાળકો આજે ગાંધીનગરના આંગણે સેક્ટર-૨૨માં આવેલી શિશુનગરીમાં પોતાના કૌશલ્યની પ્રતિભાને પ્રદર્શિત કરતા નગરજનોએ નિહાળ્યા. ઓપન સ્ટેજ પર પોતાનું મન ગમતું ગીત ગાતા, શ્લોક ગુન ગુનાવતા, વાર્તા કહેતા અને મિમિક્રી સંભળાવતા બાળકોને જોઈ સૌ કોઈ મંત્ર મુગ્ધ બની ગયા હતા અને જીવન શિક્ષણની આ પ્રયોગશાળામાં અભ્યાસ કરતા બાળકોને તાલીમ આપનાર ગુરુજનોની મહેનતને બિરદાવતા હતા.

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન વિદ્યાભારતી અધ્યયન પ્રશિણ અને સંશોધન કેન્દ્ર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે તાજેતરમાં નાના-નાના ભૂલકાઓ માટે શિશુનગરીનું સુંદર આયોજન સવારે ૧૧ થી સાંજે ૭ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું હતું. કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના કમલકિશોર જૈનના શુભહસ્તે સમગ્ર શિશુનગરી મેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા સંતોષબેન શર્મા, નિવૃત્ત એન્જીનિયર ગજાનન ભાવે, ટ્રસ્ટી અને કોષાધ્યક્ષ હેમેન્દ્રભાઈ દવે વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિશુનગરીના સંયોજક વર્ષાબેન પંડ્યાએ આ પ્રસંગે સંસ્થા પરિચય આપી કાર્ય પદ્ધતિથી સૌને માહિતગાર કર્યા હતા. દીપ પ્રાગટ્ય અને ગણેશ વંદના બાદ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો દ્વારા 'જળકમળ' ડાન્સ, એકપાત્રીય અભિનય, ગરબા, બાળગીત વગેરે સુંદર રીતે રજુ કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ શિશુનગરી ખુલ્લી મુકતા આમંત્રિત મહેમાનો અને વાલીગણ, બાળકોએ શિશુનગરીની વિવિધ પ્રવૃત્તિઓ, ખાણીપીણી, રમતગમત, ઘોડેસવારી, હાથી સવારી, ઊંટ સવારી, ક્રિંડાગણ, જેવી ૨૪ જેટલા વિભાગો નિહાળ્યા હતા.

શિશુ નગરીના પ્રવેશ દ્વારે જ ચિડીયાઘર બનાવવામાં આવ્યું હતું. જ્યાં ઘર આંગણાના પશુ-પક્ષીઓ, જંગલ વિસ્તારના પશુ પ્રાણીઓ અને જળચર પ્રાણીઓનું નિદર્શન મુકવામાં આવ્યું હતું. આ સાથે નાના નાના બાળકો ઘરની દરેક વસ્તુઓને જાણી શકે, સમજી શકે તે માટેનું પણ નિદર્શન યોજાયું હતું. દાળ, ચોખા, ઘઉં વગેરે અનાજ, રસોડાની વિવિધ વસ્તુઓ પણ નામજોગ રજૂ કરવામાં આવી હતી.

બાળકોની દૂકાન સમગ્ર શિશુનગરીમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. જ્યાં બાળકો પોતે રબર, સંચો, ફુગ્ગો વગેરેનું વેચાણ કરતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

શાળાની શિશુનગરીમાં એક નોંધનીય બાબત એ હતી કે પ્લાસ્ટીકની કોઈ પણ વસ્તુઓનો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. પ્લાસ્ટીકની થેલી, પ્લાસ્ટીકના રમકડા કે પછી પ્લાસ્ટીકના ડબા ડબ્બીઓનો સાંપ્રત સમયમાં અતિરેક થઈ રહ્યો છે ત્યારે આ નુકશાન કરતી પ્લાસ્ટીકની કોઈપણ વસ્તુ શિશુ નગરીમાં મુકવામાં જ આવી ન હતી. માત્ર લાકડાના રમકડા અને લાકડાની વસ્તુઓ જ પ્રદર્શનીમાં મુકવામાં આવી હતી.

ઓપન સ્ટેજ પરફોર્મન્સ

નાના-નાના બાળકો મુક્ત મને, પોતાને ગમે તેવી વાર્તા, ગીત, શ્લોક, અભિનય, મીમીક્રી, ગરબા રજુ કરી શકે તે માટે અભિનવ પ્રયોગ 'મુક્ત અભિવ્યક્તિ'નો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેના માટે શાળા પટાંગણમાં સુંદર મજાનું સ્ટેજ સુંદર સમિયાણો અને સામે સુંદર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સ્ટેજ પર માઈક મુકી જે બાળકને જે કંઈ રજૂ કરવું હોય તે રજૂ કરવા જાહેર આમંત્રણ પાપવામાં આવ્યું હતું. બાળકોએ આ નિમિત્તે પોતાની અભિવ્યક્તિને ખુલ્લા મને રજૂ કરી હતી. હાથી, ઘોડા, શિયાળ, પક્ષીઓની વિધ-વિધ વાર્તાઓ, બાળગીતો, ગરબા, સ્વામી વિવેકાનંદનો એકપાત્રીય અભિનય વગેરે રજુ કર્યો હતો. વાલીગણ, દર્શકોએ બાળકોની આ અભિવ્યક્તિને, કૌસલ્યને તાળીઓના ગડગડાટથી અભિનંદીત કરી હતી.

(તસવીર : દિપક જાની, નિકેશ બારોટ ● સંકલન : જયેશ શ્રીમાળી)

પૌષ્ટિક શરબત અને ભેળ, સુખડીએ રંગ જમાવ્યો

શિશુ નગરી ખાતે આવતા મુલાકાતીઓ માટે સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર ખાણી-પીણી બજાર બન્યું હતું. જેમાં નહીં નકી કે નહીં નુકશાનના ટોકન દરે ચીજવસ્તુઓ મળતી હતી. જેમાં ચ્હા, ખીચુ, દહીંવડા, ટામેટા સુપ, પૌષ્ટિક સુખડી અને પૌષ્ટિક ભેળ કે જેમાં દરેક કઠોળને પલાડીને બનાવવામાં આવી હતી. સૌથી વધુ લોકો આયુર્વેદિક શરબત પીતા નજરે પડયા હતા. આયુર્વેદિક શરબતમાં આમળાનો રસ, આદુનો રસ, લીંબુનો રસ હોવાથી લોકો આરોગ્યની દૃષ્ટિએ પ્રથમ પસંદગી કરતા હતા. વધુમાં બપોરના સમય બાદ સ્વાદિષ્ટ ખીચડીનું પણ વેચાણ કરવામાં આવ્યું હતું. બાળકો પણ શિશુ નગરીમાં ખેલકુદ કરીને ભુખ્યા થતાં ખાણીપીણી બજારની મુલાકાત લઈ નાસ્તો કરતા હતા.

ભૂલકાઓ માટે ચિડીયાઘર

શીશુ નગરીમાં બાળકોને પશુ પક્ષી અને વન્ય પ્રાણીઓનો પરિચય કેળવાય તે હેતુથી ચિડીયા ઘર અને પ્રાણી પરિચય નામનો વિભાગ બનાવવામાં આવ્યો હતો. જેમાં બાળકોને ઘર આંગણાના પશુમાં ગાય, ભેંસ, ઘોડો, ઊંટ, ગધેડો, કૂતરો, ખિસકોલી અને પક્ષીમાં ચકલી, પોપટ, મેના, કબૂતર, કાગળો, કાબર સહિતના પક્ષીઓની જાણકારી મળે તે માટે પ્રતિકૃતિ મુકવામાં આવી હતી. તેવી જ રીતે જંગલ વિસ્તારના પ્રાણીઓમાં સિંહ, દિપડો, ચિત્તો, રિંછ, વરૂ, શિયાળ, હરણ, જીરાફની અને જળચર પ્રાણીમાં અજગર, માછલી, સાપ, કાચબો, મગર સહિતના પશુપક્ષીઓની પ્રતિકૃતિ ચિડિયાઘરમાં દર્શાવી બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં ઠંડીનો પારો પાંચ ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૧૭

માવઠા બાદ ગાંધીનગર જાણે ટાઢુબોળ થઈ ગયુ હોય તેવું માહોલ છવાયો છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન પાંચ ડિગ્રી સુધી ગગડ્યું હતું. નાગરિકો પુનઃ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી ઘટી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગરમાં જોરદાર માવઠુ પડ્યા બાદ વાતાવરણમાં ખુબ ઠંડક છવાઈ ગઈ છે. ગઈકાલે આખો દિવસ હીમ જેવા પવનો ફુંકાયા હતા. વસાહતીઓને આખો દિવસ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની ફરજ પડી હતી. દિવસે પણ ઘરમાં પુરાઈ રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. સૂર્યાસ્ત થતા જ ઠંડીનું જોર વધ્યું હતું. વાતાવરણમાં ટાઢોડુ છવાઈ જતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. રાત્રે આઠ વાગ્યા પછી તો માર્ગો જાણે સાવ સુમસામ થઈ ગયા હતા. રાત્રે યોજાયેલા લગ્નો અને સત્કાર સમારંભો પર પણ ઠંડીની અસર પડી હોય તેમ મહેમાનોની સંખ્યા ઘટી હતી. ખલ્લા પાર્ટીપ્લોટોમાં એટલી બધી ઠંડી લાગતી હતી કે મહેમાનો ઝડપથી બહાર નીકળી ગયા હતા. હીમ જેવા પવનોના કારણે પારો પાચં ડિગ્રી સુધી ગગડી ૧૦ ડિ.સે. સુધી પહોંચ્યો હતો. આજે પવનની ગતિ ધીમી પડતા ઠંડીથી થોડીક રાહત મળી હતી. આજે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું. જો કે સવારે ભેજનું પ્રમાણ ૬૬ ટકા જેટલું ઉંચુ નોંધાયું હતું.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ દ્વારા ૧૬માં સમુહ લગ્નોત્સવમાં ૧૦૭ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. ઉલ્લાસ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયેલ લગ્નોત્સવમાં મોટીસંખ્યામાં રાજપૂત સમાજના આગેવાનો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

બેફામ ગતિએ દોડતી કારની ટક્કરમાં બાપ-દિકરાના મોત

તારાપુર ચોકડી પાસે બનેલો બનાવ : રાજકોટનું પરિવાર કાર લઈને અંબાજી જવા નિકળ્યું હતું : કારચાલકની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૭

તારાપુર ગામમાં રહેતા પિતા-પુત્ર ગઈકાલે રાત્રે પોતાના ઘરેથી ખેતર તરફ ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તો ક્રોસ કરતી વખતે હાઈવે પર પુરપાટ ઝડપે આવતી વોક્સવેગન કારના ચાલકે તે બન્નેને અડફેટે લઈ લીધા હતા. આ અકસ્માતમાં કારચાલકની ટક્કરથી પિતા-પુત્રનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસે અકસ્માતને નજરે જોનાર રાહદારીની ફરીયાદને આધારે રાજકોટ વિસ્તારના કારચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટથી અંબાજી દર્શન કરવા જઈ રહેલા પાબારી પરીવારની કારની અડફેટે ઘરેથી ખેતરે જઈ રહેલા તારાપુર ગામના પિતા-પુત્રએ જીવ ગુમાવ્યા છે. ગઈકાલે રાત્રે ૯ વાગ્યાના અરસામાં તારાપુર ગામમાં રહેતા ૪૫ વર્ષીય આતાજી મંગાજી ઠાકોર અને તેમનો ૨૫ વર્ષિય પુત્ર વિરલ આતાજી ઠાકોર ઘરેથી ખેતરે જવા ચાલતા નિકળ્યા હતા. ખેતરે જવા માટે પિતા-પુત્ર એક સાથે હાઈવે ઓળંગી રહ્યા હતા તે દરમ્યાન બન્નેને મોત ભરખી ગયું હતું. રાજકોટથી વોક્સવેગનકાર નં. જીજે-૩-એ.આર.૧૫૩૦ લઈને ભાવેશ જયેન્દ્રકુમાર પાબારી પરિવાર સાથે અંબાજી મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. ગાંધીનગર નજીકના તારાપુર સર્કલ પાસેથી તેઓ તેમની કાર બેફામ ગતિએ લઈ જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તો ઓળંગી રહેલા પિતા-પુત્ર કારની અડફેટે આવી ગયા હતા અને એક જ મિનિટના સમયમાં પિતા-પુત્ર બન્નેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. આ અકસ્માતને જોનાર ઉનાવા ગામના પ્રકાશભાઈ નારણભાઈ પ્રજાપતીએ અડાલજ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા આરોપી કાર ચાલક ભાવેશ જયેશકુમાર પાબારીની ધરપકડ કરી લીધી છે. કાર કબજે લઈને પિતા-પુત્રના મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ માટે મોકલી આરોપીની અડાલજ પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

સંસ્કૃતિકુંજમાં ૨૧મીથી વસંતોત્સવ ઉજવાશે

સતત દસ દિવસ સુધી સંસ્કૃતિ કુંજમાં ભીડ ઉમટશે : જુદા જુદા પ્રાંતના લોકનૃત્યો અને હસ્તકલાની ચીજવસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા.૧૭

આખું વર્ષ જે લોકોત્સવની ગાંધીનગરાઓ આતુરતાપૂર્વક રાહ જુએ છે તે વસંતોત્સવનો પ્રારંભ આગામી ૨૧મી ફેબ્રુઆરીથી થઈ રહ્યો છે. સંસ્કૃતિકુંજને જીવંતતા બક્ષતા વસંતોત્સવનું ઉદઘાટન ૨૧મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ વાગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાના હસ્તે કરવામાં આવશે.

ગાંધીનગરની ઓળખ બની ચુકેલા વસંતોત્સવનો પ્રારંભ ૨૧મી ફેબ્રુઆરીથી થશે. છેલ્લા ઘણા સમયથી સંસ્કૃતિ કુંજમાં તેની તૈયારીઓ ચાલી રહી છે. તાજેતરમાં પડેલા જોરદાર માવઠા બાદ સંસ્કૃતિકુંજમાં કરવામાં આવેલું લીંપણ તથા માટીની દિવાલોને થોડુંક નુકશાન થતાંતેને સરખું કરવાની કામગીરી સાથે છેલ્લા દિવસોથી તૈયારીઓ ચાલી રહી છે.

વસંતોત્સવમાં વિવિધ પ્રાંતોના લોકનૃત્યોનું આકર્ષણ વધુ હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.org / com

Board of Higher Secondary Education, Delhi

Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Badaun) U.P.
Regional Office : Chilbila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)

10वीं फेल व 12वी फेल छात्र निराश न हों

8वीं पास – 10वीं करें और 10वीं पास – 12वीं करें। प्राईवेट स्कूल व कोचिंग सेंटर मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
प्रशिक्षण माध्यम हिन्दी – अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली
मान्यता : दिल्ली, मध्यप्रदेश, बिहार, मिज़ोरम, जम्मू, कलकता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि
दसवीं व 12वीं प्रत्राचार कोर्स अवधि : छः महिने (माध्यम सभी भाषाओं में)

आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 15000/– रूपये हैं।
Last Date 22-02-2013

Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 Our candidate can apply for Govt. Jobs and also for further studies in any states

All exams will be held between 15-30 April in All over India and results will be declare on 30th June last date for form submission is 28-02-2013

Central Office : Chandra Park, (Opp. NSIT) Dwarka Mod Highway, New Delhi-59
Help Lines : 08505813851, 09560923062 E-mail : waradc@yahoo.com
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी. हमारे मोबाईल या मेल पर भेजें।

જન્મદિન શુભેચ્છા

શ્રી ગીરીશભાઈ રાવલ
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી - ઓમ લેન્ડમાર્ક એજ્યુકેશન ટ્રસ્ટ
(જન્મ તા. ૧૮-૨-૧૯૫૯)

આપના જન્મદિને અમારી હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ... આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય અને સમાજને સબળ નેતૃત્વ પુરું પાડવાની ક્ષમતા પરમ તત્વ આપને બક્ષે એવી પ્રાર્થના સહ શુભકામનાઓ પાઠવીએ છીએ....

- આપના મિત્રો - શુભેચ્છકો

જાહેર આભાર

શ્રીમતી ગીતાબેન રાયચંદભાઈ વાઘેલા
નવનિર્વાચીત સદસ્યા - નગરપાલિકા ધાનેરા, વોર્ડ નં. ૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નં. ૪ના મતદાર ભાઈઓ-બહેનો-વડીલોએ મારામાં વિશ્વાસ મૂકી સ્વપ્રદેષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસયાત્રામાં સુર પૂરાવવા 'દિવ્ય-ભવ્ય ગુજરાત'ના નિર્માણ માટે મને ચૂંટણીમાં જીતાડવા બદલ ખરા હૃદયથી આભાર માનું છું.

ધાનેરા શહેર અને વોર્ડ નં.૪માં કોઈપણ પાલિકાને લગતી સમસ્યા-સેવા માટે હરહંમેશ તત્પર રહેવાની ખાતરી આપું છું.

લિ. આપની સદાય ઋણી
શ્રીમતી ગીતાબેન રાયચંદભાઈ વાઘેલા
(સદસ્યા વોર્ડ નં.૪, નગરપાલિકા, ધાનેરા)
શ્રી રાયચંદભાઈ મગનભાઈ વાઘેલા
ધાનેરા, જિ. બનાસકાંઠા

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI

APPLICATION NO. 882/2013

Smt. Sangeeta Prabhakar Mishra & Others I ...Applicant
Vs.
Shreyas Himatlal Shah ... Opponent
AND
National Insurance Co. ... Insurer.
To,
Shreyas Himatlal Shah
Add : 202, Savita Enclave, Opp. Vikas Bank, Dist. Ahmedabad, Gujarat.

Please as per the attached Application, applicant have lodged application against you to claim compensation under Section 166 & 140 & 92 (Motor Vehicle Act - 1988 suggesting the mentioned accident under section 165 (Sub-s (1) Of Motor Vehicle Act 1988. Therefore you related remain present in Court No. 1 on 20/02/2013 at 10:00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.

If you will fail to remain present on above mentioned date then this court will considered that you have nothing to say about the compensation and the court will declared one sided judgement. Kindly note this.

This Notice issued today on 05/02/2013 with my signature and seal of the Court.

By Order
Registrar
M.A.C. Tribunal, Mumbai
5, H.S. Marg, Mumbai : 400 001.

SANGHI CEMENT
Kisan
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com